# દાઉદની સંપત્તિની તપાસ કરવા આદેશ

નવી દિલ્હી,તા. ૨૧

અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહીમ પર સકંજો વધારે મજબુત કરવાના હેતુથી નરેન્દ્ર મોદી સરકારે વિવિધ પગલા લેવા માટે કમર કસી લીધી છે. જેના ભાગરૂપે મોદી સરકારે ભારતમાં ડોનની સંપત્તિમાં તપાસ કરવા માટે એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટને અપીલ કરી છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે દાઉદ અને તેના અનેક ટોપના સાગરીતો મુંબઈમાં અને ખાસ કરીને વરલી દરિયાઈ વિસ્તારમાં અનેક કિંમતી સંપત્તિ ધરાવે છે. એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટે મુંબઈ શહેરમાં ગેંગસ્ટરની રહેલી સંપત્તિ અંગે વિસ્તૃત માહિતી આપવા માટે બીએમસીને આદેશ કર્યો છે. અહેવાલ મુજબ ડોન સાન્તાક્રુઝ પશ્ચિમમાં જુહુ તારા રોડ પર એક હોટેલ, ફલટો ધરાવે છે. આ ઉપરાંત વર્લી અને અંધેરી પૂર્વમાં સંપત્તિ ધરાવે છે. આ ઉપરાંત માહિમમાં પણ તે સંપત્તિ ધરાવે છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ઈકબાલ મિરચી ભારતમાં દાઉદના ઓપરેશનને ચલાવવાની



જવાબદારી ધરાવતો હતો. લંડનમાં ૧૪મી ઓગષ્ટ ૨૦૧૩ના દિવસે મિરચીનુ મોત થયુ હતુ. મિરચીએ ૧૦૦૦ કરોડથી પણ વધારે કિંમતમાં મુંબઈમાં સી ફેસિંગ કેટલીક સંપત્તિ વેચી મારી હતી. આ રકમને મોડેથી યુરોપમાં સંપત્તિમાં રોકી દેવામાં આવી હતી. ઈડી દ્વારા સાયપ્રસ, દુબઈ, બ્રિટન, મોરોક્કો, સ્પેન, તુર્કી સહિતના કેટલાક દેશોમાં મિરચીની સંપત્તિ શોધી કાઢવામાં સફળતા મેળવી છે. આ સંપત્તિ અંગે વધુ માહિતી મેળવી લેવા અને કાર્યવાહી કરવા વિદેશી સરકારો સાથે ઈડી સહકાર કરવા ઈચ્છુક છે. આ મહિનાની શરૂઆતમાં કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિંહ કહી ચુક્યા છે કે પાકિસ્તાનમાંથી જ્યા સુધી દાઉદને પરત લવાશે નહી ત્યા સુધી ભારત શાંતિથી બેસશે નહી. લોકસભામાં નિવેદન કરતા રાજનાથસિંહે કહ્યુંહતુ કે પાકિસ્તાન દાઉદને શોધી કાઢવા માટે બંધાયેલુ છે. પરંતુ અનેક પુરાવા આપ્યા હોવા છતાં કોઈ કાર્યવાહી પાકિસ્તાન દ્વારા કરાઈ નથી. રાજનાથસિંહ કહી ચુક્યા છે કે, દાઉદના સ્થળ અંગે તમામ માહિતી મેળવવામાં આવી છે. રાજનાથસિંહના નિવેદન અગાઉ તેમના જુનિયર પ્રધાન હરિભાઈ ચૌધરીએ એમ કહીને વિવાદ જગાવ્યો હતો કે, દાઉદના સ્થળ અંગે કોઈ માહિતી નથી. તેના અંગે ભાળ મળ્યા બાદ જ તેની સામે પ્રત્યાર્પણ માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. વર્ષ ૧૯૯૩ના મુંબઈના સીરિયલ બોંબ બ્લાસ્ટમાં દાઉદ મોસ્ટ વોન્ટેડ રહેલો છે અને તેની સામે રેડ કોર્નર નોટિસ જારી કરવામાં આવી ચુકી છે. મુંબઈમાં સીરિયલ બ્લાસ્ટમાં ૧૯૯૩માં ૨૫૦થી વધુ લોકોના મોત થયા હતા અને ૭૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. જે પૈકી કેટલાક લોકો ગંભીરરીતે ઘાયલ થયા હતા. કરોડોની સંપત્તિને નુકશાન થયું હતું. બોંબ બ્લાસ્ટ થયા બાદ દાઉદ જુદી-જુદી જગ્યાઓએ ફરાર થઈ ગયો હતો. હરીભાઈ ચૌધરીના નિવેદન બાદ ભારે હોબાળો થતાં કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે એમ કહીને તમામને શાંત કર્યા હતા કે, દાઉદ અંગે સરકાર સંપૂર્ણપણે સાવધાન છે અને તેના મામલે પાકિસ્તાન ઉપર તીવ્ર દબાણ લાવવામાં આવ્યું છે.

## દિલ્હીમાં સાંસદો માટે ભવ્ય ફ્લેટ બનાવવા માટે તૈયારી

### અસ્થાયી રીતે સાંસદોને રોકાવવા માટે ૧૦૦ નવા મકાનો બનાવવાની તૈયારી : ભવ્ય ફ્લેટના ત્રણ નવા બ્લોક બનશે

નવી દિલ્હી,તા. ૨૧

વર્ષ ૨૦૧૯માં લોકસભાની ચૂંટણી જીતીને આવનાર સાંસદોને પોતાના ઘર માટે લાંબા સમય સુધી રાહ જોવી પડશે નહી. આના માટે હજુથી જ તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. આ તૈયારી હેઠળ અસ્થાયીરીતે સાંસદોને રોકાવવા માટે ૧૦૦ નવા રૂમ બનાવવાની તૈયારી ચાલી રહી છે. જ્યારે સાંસદોને સ્થાયી મકાન આપવા માટે દિલ્હીના હાર્ટમાં જ ભવ્ય ફ્લેટ બનાવવામાં આવનાર છે. હવે ગંગા, યમુના અને સરસ્વતીના નામ પર ભવ્ય ફ્લેટના ત્રણ નવા બ્લોક બનાવવામાં આવનાર છે. આના માટે કેન્દ્રિય લોક નિર્માણ વિભાગ દ્વારા પોતાની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. આ વખતે પણ મોટી સંખ્યામાં સાંસદોને હોટેલોમાં જ રહેવાની ફરજ પડી હતી. આના કારણે સાંસદોને ભારે તકલીફ પડી હતી. સાથે સાથે સરકારને ભારે બિલની ચુકવણી કરવી પડી હતી. સ્થિતી એવી છે કે સરકાર બન્યાને એક વર્ષનો ગાળો થવા આવ્યો હોવા છતાં કેટલાક સાંસદ એવા છે જે સાંસદોને મકના મળી શક્યા નથી. શહેરી વિકાસ મંત્રાલયના સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે દિલ્હીમાં સાંસદોને રોકાવવા માટે પહેલાથી મકાનોની તંગી હતી. આવી સ્થિતીમાં ચૂંટણી થયા બાદ નવા સાંસદ દિલ્હી પહોંચી જાય છે. જ્યારે જુના સાંસદો મકાન ખાલી કરવા માટે સમયની માંગ કરે છે. જેથી ભારે તકલીફ પડે છે. અહેવાલ મુજબ સાંસદને દિલ્હીમાં ઘર આપવાની જવાબદારી સરકારની હોય છે. આ વખતે પણ સાંસદોને હોટેલોમાં રોકાવવા માટે આશરે ૩૫ કરોડ રૂપિયાનો ખર્ચ કરવાની ફરજ પડી હતી. આગામી પાંચ વર્ષમાં આ કામ પૂર્ણ થઇ શકશે.આગામ વખતે આના કરતાં મોટાસ્તરે સમસ્યા ન થાય તે માટે પગલા લેવામાં આવી રહ્યા છે. સરકારને પણ મોટા બિલ ચુકવવા પડશે નહીં. આજ કારણસર પહેલાથી જ ૧૦૦ રૂમ બનાવવાની દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે. વેસ્ટર્ન કોર્ટમાં સાંસદોને અસ્થાયી રીતે રોકવાની ગણતરી છે.

## કરાચી બસ હુમલાના માસ્ટરમાઈન્ડની ધરપકડ

ઈસ્લામાબાદ,તા. ૨૦

પાકિસ્તાનના કરાચીમાં યાત્રી બસ પર કરવામાં આવેલા હુમલાના માસ્ટરમાઈન્ડની અંતે ધરપકડ કરવામાં આવી છે. આ હુમલામાં ૪૫ લોકોના મોત થયા હતા. શિયા ઈસ્માઈલી લોકોને લઈને જતી યાત્રી બસને ટાર્ગેટ બનાવીને ગયા સપ્તાહમાં ભીષણ હુમલો કરવામાં આવ્યો હતો. પાકિસ્તાનના ગૃહ મંત્રાલય દ્વારા માહિતી આપતા કહેવામાં આવ્યું છે કે પોલીસ અને ઈન્ટેલિજન્સ સંસ્થા વચ્ચે સારા સંકલનના કારણે આ સફળતા હાથ લાગી છે.પાકિસ્તાને આ ધરપકડ ક્યારે કરવામાં આવી તે સંબંધમાં કોઈ માહિતી આપી નથી. હુમલાખોરોના સંબંધમાં અન્ય કોઈ વિગત પણ આપવામાં આવી નથી. સિંધના મુખ્યપ્રધાન કઈમ અલી શાહે કહ્યુ છે કે હુમલાના સંબંધમાં માસ્ટરમાઈન્ડ સહિત ચાર શખ્યોની ધરપકડ કરવામાં આવી છે. વડાપ્રધાન નવાઝ શરીફની ઓફિસ દ્વારા પણ આ અંગેની માહિતી આપવામાં આવી છે. વડાપ્રધાન નવાઝ શરીફે ફોન પર સિંધના મુખ્યપ્રધાન સાથે ફોન પર વાત કરી છે. સાથે સાથે પોલીસ સહિત લો એન્ફોર્સમેન્ટ સંસ્થાઓની ભારે પ્રશંસા કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ હુમલાની જવાબદારી ઈસ્લામિક સ્ટેટ અને તાલિબાન બન્ને દ્વારા સ્વીકારી લેવામાં આવી હતી. ખાસ નોંધનીય છે કે ૧૩મી મેના દિવસે કરાચીમાં મોટરસાઈકલ પર આવેલા આઠ ત્રાસવાદીઓએ ઈસ્માયલી શિયા સમુદાયના લોકોને લઈને જતી યાત્રી બસ પર ભીષણ ગોળીબાર કર્યો હતો. જેમાં ઓછામાં ઓછા ૪૭ લોકોના મોત થયા હતા . આ હુમલાની જવાબદારી તાલિબાન દ્વારા સ્વીકારી લેવામાં આવી હતી. નજરે જોનાર સાક્ષીઓએ માહિતી આપતા કહ્યું હતું કે મોટરસાયકલ પર આવેલા શખ્સોએ ગોળીબાર કર્યો હતો. બસમાં આશરે ૬૦ યાત્રીઓ હતા. સફોરા ચોક નજીક બસને ટાર્ગેટ બનાવીને હુમલો કરવામાં આવ્યો હતો. બસ પર હુમલો કરવામા માટે નવ એમએમ પિસ્તોલનો ઉપયોગ હુમલાખોરો દ્વારા કરવામાં આવ્યો હતો.

**મિરાજ-૨૦૦૦ દ્વારા મથુરા નજીક ઉતરાણ**

## યમુના એક્સપ્રેસ વે પર યુદ્ધ વિમાનનુ સફળરીતે ઉતરાણ

નવી દિલ્હી,તા. ૨૧

ભારતીય હવાઈ દળના યુદ્ધ વિમાને આજે આજે ઉત્તરપ્રદેશના મથુરા નજીક યમુના એક્સપ્રેસ વે પર સફળરીતે ઉતરાણ કર્યું હતુ. ઈન્ડિયન એરફોર્સના વિમાન મિરાજ ૨૦૦૦ સફળરીતે ઉતરાણ કરતા લશ્કરી અદિકારીઓમાં



ખુશીનુ મોજુ ફરી વળ્યુંહતુ. આ સફળ લેન્ડીગ એરફોર્સે ઈમરજન્સી ટ્રાયલ તરીકે કરી હતી. એરફોર્સના યુદ્ધ વિમાનને એક્સપ્રેસ વે પર બે વખત સફળરીતે ઉતારવામાં આવ્યું હતુ. પ્રાપ્ત માહિતી મુજબ સવારે ૬.૪૫ વાગે તેનુ પ્રથમ વખત સફળ ઉતરાણ કરાવાયું હતુ. ઈમરજન્સી સ્તિતીમાં વિમાનોને ઉતારી લેવાના ટ્રાયલના ભાગરૂપે આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ટ્રાયલ લેન્ડીગના કારણે યમુના એક્સપ્રેસ વે પર વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ હતી. ટ્રાફિક જામની સ્થિતી સર્જાઇ ગઇ હતી. પરંતુ ભારતીય ઉડ્ડયન ઈતિહાસમાં પ્રથમ વખત એવુ બન્યું છે જ્યારે કોઈ વિમાનને આ રીતે માર્ગ પર ઉતારવામાં આવ્યું છે. ભારતમાં લશ્કરી ઉડ્ડયન માટે આ પ્રથમ બનાવ છે. રોડ રનવેનો ઉપયોગ ઈમરજન્સી લેન્ડીગ માટે કરવામાં આવે છે. યુદ્ધના સમય જો એરબેઝ પર સાનુકુળ ન હોય તો આવી સ્થિતીમાં આ પ્રક્રિયા કામે લાગે છે. હાલમાં જર્મની, પોલેન્ડ, સ્વીડન, દક્ષિણ કોરિયા, તાઈવાન, ફિનલેન્ડ, સિંગાપોર અને અન્ય કેટલાક દેશોમાં તેમના એક્સપ્રેસ વેનો ઉપયોગ ઈમરજન્સીના કેસમાં વિમાનોના ઉતરાણ અને ઉડાણ માટે કરે છે. એક અધિકારીએ નામ જાહેર નહી કરવાની શરતે કહ્યું છે કે વર્ષ ૧૯૭૧ના યુદ્ધ દરમિયાન કેટલાક પાકિસ્તાની જેટ વિમાનો આગ્રા પહોંચી જવામાં સફળ રહ્યા હતા. ભારતે ટેકનોલોજીના ક્ષેત્રમાં ઝડપી આગેકૂચ કરી છે. આવી સ્થિતિમાં યમુના એક્સપ્રેસ વે પર યુદ્ધ વિમાનનું સફળ ઉતરાણ મોટી સફળતા સમાન છે.

**રેનોલ્ટ નિશાન સીઈઓનો મત**

## કાર ખરીદનાર લોકો શું ઇચ્છે છે તે સંદર્ભે વાકેફ

નવી દિલ્હી,તા. ૨૧

કારબજારમાં ભારતમાં જોરદાર સ્પર્ધા ચાલી રહી છે. આવી સ્થિતિમાં રેનોલ્ટ નિશાનના સીઈઓ કાર્લો ગોસને કહ્યું છે કે, નાની કાર ખરીદનાર લોકો શું ઈચ્છે છે તે બાબતને લઈને અમે સંપૂર્ણપણે વાકેફ છીએ ભારતમાં સફળતા મેળવવાની બાબત હંમેશા પડકારરૂપ રહી છે. સફળતા માટેની સ્થિતિ ભારતમાં જટીલ છે. સામાન્ય લોકોની ઈચ્છાઓને ધ્યાનમાં લઈને ભારતમાં આગળ વધવામાં આવે તે જરૂરી છે. બીજીબાજુ છેલ્લા ત્રણ વર્ષથી ભારતીય બજાર પણ કટોકટીના તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે. પરંતુ આગામી ચાર-પાંચ વર્ષ ભારતમાં ખૂબ જ સારી સ્થિતિ રહી શકે છે. આવી સ્થિતિમાં કાર કંપનીઓ મોટી સફળતા મેળવી શકે છે. ભારતમાં કાર માર્કેટનું કદ પાંચથી છ ટકા સુધી વધી શકે છે. આવી સ્થિતિમાં કાર કંપનીઓને તેમની સ્થિતિને મજબુત કરવાની તક રહેલી છે. ભારતમાં હવે નવી આશા જાગી છે. કાર મેળવવા ઈચ્છુક લોકોની સંખ્યા પણ ખૂબ મોટી છે.

## મુસ્લિમ હોવાથી નોકરી આપવા જ્વેલરી કંપનીનો સ્પષ્ટ ઈન્કાર

મુંબઈ,તા. ૨૧

મુંબઈ સ્થિત ડાયમંડ જ્વેલરી એક્સપોર્ટ કંપનીને હવે ધાર્મિક ભેદભાવ કરવાના મામલામાં તપાસનો સામનો કરવો પડશે. પ્રાપ્ત અહેવાલ મુજબ એક વ્યક્તિ મુસ્લિમ છે તેમ ગણીને તેને નોકરી આપવાનો આ કંપનીએ ઈન્કાર કરી દીધો હતો. મુસ્લિમ હોવાના આધાર ઉપર યુવાનની નોકરીની અરજીને આ કંપનીએ ફગાવી દીધી હતી. મુંબઈમાંથી બિઝનેસ મેનેજમેન્ટ ગ્રેજ્યુએટ થયેલા જિશાનઅલી ખાને હરિકૃષ્ણ એકસપોર્ટ પ્રાઈવેટ લીમિટેડમાં નોકરી માટે અરજી કરી હતી. હરિકૃષ્ણ એક્સપોર્ટ પ્રાઈવેટ લીમિટેડ ડાયમંડ જ્વેલરીના ક્ષેત્રમાં એક અગ્રણી નિકાસ કંપની છે. આની સાથે જ માર્કેટીંગ કારોબારીને લઈને હોબાળો મચી ગયો છે. આ કંપની તરફથી રિસ્પોન્સ મળ્યો ત્યારે તે જોઈને આઘાતમાં ઘરકાવ થઈ ગયો હતો. કારણકે આમાં જણાવાયું હતું કે કંપની માત્ર બિનમુસ્લિમ ઉમેદવારોને જ નોકરી આપે છે. મુંબઈ પોલીસે યુવાનની ફરીયાદના આધાર ઉપર કંપની સામે કેસ દાખલ કરી દીધો છે અને ઊંડી તપાસ હાથ ધરી છે. કાયદા મુજબ આ પ્રકારના મામલામાં ત્રણ વર્ષની જેલની સજાની જોગવાઈ રહેલી છે. તપાસ બાદ આ ગુના સાથે સંબંધિત હકિકતમાં જવાબદાર કોણ છે તે જાણી શકાશે. પોલીસ અધિકારી જગદલે દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. નોકરી આપવાનો ઈન્કાર કરી દેવામાં આવ્યા બાદ કંપનીનું કહેવું છે કે, તેના સ્ટાફ પૈકીના કોઈ એકના ભાગરૂપે આ ભુલ થયેલી છે. ધાર્મિક



પક્ષપાતની ગતિવિધિ ક્યારેય પણ રાખવામાં આવી નથી. ધાર્મિક આધાર પર ભરતી કરવામાં આવી નથી. મુંબઈથી એમબીએ કરી ચુકેલા જિશાનઅલી ખાને કંપનીમાં નોકરી માટે અરજી કરી હતી. કંપનીનું કહેવું છે કે આ એક ભુલ છે. કંપની તરફથી ખુલાસો કરાયો છે કે કર્મચારીની ભુલના કારણે આ બાબત શક્ય બની છે. જિશાનના આ મામલાને ફેસબુક ઉપર શેયર કરવામાં આવ્યા બાદ આને લઈને યુઝર્સો દ્વારા જોરદાર પ્રતિક્રિયાઓ આપવામાં આવી રહી છે. જિશાનનું કહેવું છે કે વડાપ્રધાન મોદી તમામ ક્ષેત્રે વિકાસની વાત કરી રહ્યા છે પરંતુ જુદી-જુદી કંપનીઓ આ પ્રકારનું વર્તન કરી રહી છે. જો તેની લાયકાત કંપનીની જરૂરીયાત મુજબની ન હતી તો તેને સાફ શબ્દોમાં જવાબ આપી દેવાની જરૂર હતી. બિનમુસ્લિમનો મુદ્દો ઉપસ્થિત થતો નથી. હરિકૃષ્ણ એક્સપોર્ટ પ્રાઈવેટ લિમીટેડ કંપનીને ખુલાસો કરવામાં આવ્યો હોવા છતાં હજુ મુશ્કેલીનો સામનો કરવો પડે તેવી સંભાવના રહેલી છે. દેશભરમાં આ મુદ્દાને લઈને ચર્ચાઓનો દોર શરૂ થઈ ગયો છે. મુસ્લિમો સાથે ભેદભાવનો મામલો રૂઢીવાદી અને કટ્ટરપંથી લોકો ફરી ઉઠાવવા લાગી ગયા છે. જોકે, કેટલાક લોકોનું કહેવુંછે કે આ મામલે તે અન્ય કંપનીમાં પણ અરજી કરી શક્યો હોત અને દેશભરમાં આ મુદ્દાને ચગાવવાની જરૂર ન હતી. દેશની પ્રતિષ્ઠાને આના લીધે ફટકો પડી શકે છે. બીજીબાજુ નિષ્ણાંતોનો એવો મત પણ છે કે નોકરીના મામલામાં પક્ષપાતની સ્થિતિ દેશના હિતમાં નથી. ચોક્કસ કંપનીમાં આ વ્યક્તિની રોજગારીને લઈને જીદને લઈને પણ સામાન્ય લોકોમાં ચર્ચા છે. જોકે તપાસ બાદ વિગતો ખુલે તેવી શક્યતા રહેલી છે. પોલીસે આ મામલે હાલ વધુ તપાસ હાથ ધરી છે.

**ઉઘડતે પડદે (પાના નં. ૪ નું ચાલુ)**

(પાના નં. ૪ નું ચાલુ)

માંચેસ્ટર ઈંગ્લેન્ડના પ્રસિદ્ધ સાઈકિયાટ્રીક્સને ત્યાં એક પેશન્ટ ગયો જેણે કહ્યું કે મને મરવાના વિચાર આવે છે. ડૉકટરે તપાસ કરતાં જણાવ્યું કે આને કોઈ જ તકલીફ નથી માત્ર હસવાની જરુર છે. એમણે કહ્યું કે એક સરસ રશિયન સર્કલ આવ્યું છે જેનો જોકર સૌને ખૂબ હસાવે છે, એ એકવાર જોઈ આવો. ત્યારે એણે કહ્યું જે જૉકર હું જ છું. બીજાને સુખી રાખતાં હોય હસાવતાં હોય તે પોતે સુખી છે એમ ન માનવું! ચાર્લી ચેપ્લીન કે જેણે હીટલરને પેટ પકડીને હસાવ્યો હતો એનું કહેવું હતું કે હું આખી દુનિયાને હસાવી શકું છું. પણ આખી દુનિયા ભેગી થઈને પણ મને હસાવી નહીં શકે!!

આવનારા ૨૦૨૦ના વર્ષમાં મોટાભાગના લોકો ડિપ્રેશનનો ભોગ બન્યાં હશે. મહાભારતનો અર્જુન એ ડિપ્રેશનનો બેસ્ટ કિસ્સો છે. ગીતાના શ્લોક સાથે સ્વામીએ કહ્યું કે કૃષ્ણ એ માત્ર અર્જુનનો વિચાર જ મસાજ કર્યો અને મહાભારત યુદ્ધ જીતાયું... ઘડિયાળની દુકાનની વાત અને સમયની વાત સાથે કહ્યું કે આપણે જેના પર આધારીત હોઈએ એવું બને કે એ જ આપણાં પર આધારીત હોય!

આચાર્ય કૃપલાણી ઈતિહાસના પ્રોફેસર હતા. એમણે ગાંધીજીએ કહ્યું કે ઈતિહાસ સાક્ષી છે કે અહિંસક લડાઈ સફળ થઈ નથી. ગાંધીજીએ જવાબ આપ્યો હતો તમારું કામ ઈતિહાસ ભણાવવાનું છે અને મારું ઘડવાનું અને આજે ઈતિહાસ સાક્ષી છે... સ્વામીએ એમના હરિભક્તની વાત ટાંકીને કહ્યું કે પતિ-પત્નીના પરસ્પેક્ટીવ જુદાં છે. તમે થોડા બદલાઈને જુઓ. દુનિયા બદલાવા તૈયાર છે... પ્રમુખ સ્વામી મહારાજે ૪૦ જણ સાથે ફોટો લેવો હતો તો બધાને ફેરવવાં કરતાં એમની પોતાની ખુરશી ફેરવી લીધી... નરેન્દ્ર મોદી, પ્રમુખ સ્વામીની પગની રેખા જોતા હતા ત્યારે પ્રમુખ સ્વામીએ કહ્યું, બંનેની પગની રેખામાં સેવા જ લખી છે!

પૂ. બ્રહ્મવિહારી સ્વામીના કાળુપુર રેલ્વે સ્ટેશનના એરિયલ વ્યુની વાત અદ્ભૂત હતી, તમને જાતે ખસીને બીજાને માર્ગ આપો... નેલ્સન મંડેલાના ફ્યુનરલમાં ૯૦ દેશના વડા વગર આમંત્રણે આવેલાં જેણે વગર વાંકે રોબીન આયર્લેન્ડની જેલમાં ૨૭ વર્ષની જેલ ભોગવેલી અને જેણે જેલ કરાવી હતી એ જહોન વોસ્ટર્સને માફ કરી દીધો હતો... અક્ષરધામના આતંકી હુમલાની વાત સાથે એમણે કૃષ્ણ-રામ-દેવકી-વાસુદેવ કોને દુઃખ નથીની વાત કરી... વિમ્બલ્ડન ચેમ્પિયન આર્થર એશની વાત પણ હૃદય સોંસરવી ઉતરે એવી રહી. તમે બધાંને આપતા શીખો, આપી ન શકો તો ભૂલતાં શીખો અને પોતાની જાતમાં માનતા શીખો...

એમની ગીવ, ફરગીવ અને બીલીવની વાત સુપરહીટ રહી. રોજ રાત્રે એક સોરીનો ફોન અને સવારે થેંક્સનો ફોન તમારું જીવન બદલી નાંખશે... એક અદ્ભૂત અસ્ખલીત વાણીનું સેશન અને વાઈબ્રેશન એવા સૉલિડ રહ્યાં કે આભારવિધિ કરતાં ડૉ. રાજેશ શાહ પણ શું બોલવું ન બોલવુંમાં ગૂંચવાયાં...

## જનતા પરિવાર ગઠબંધનમાં જોડાવવા માંઝીને આમંત્રણ

પટણા, તા. ૨૧

આરજેડીના પ્રમુખ લાલુ પ્રસાદ યાદવે આજે પૂર્વ મુખ્યમંત્રી જીતનરામ માંઝીને જનતા પરિવાર ગઠબંધનમાં સામેલ થવા માટે આમંત્રણ આપ્યું હતું. નીતિશકુમારના નક્કર વિરોધી રહેલા જીતનરામ માંઝીને મનાવવાના પ્રયાસ લાલુ દ્વારા કરવામાં આવી



રહ્યા છે. બિહારમાં આગામી વિધાનસભાની ચુંટણી માટે ભાજપ સામે તમામ પક્ષો સંગઠિત થવાની પ્રક્રિયા ચાલી રહી છે. આવા સમયમાં લાલુ માંઝીને પણ મનાવી લેવાના પ્રયાસમાં દેખાઈ રહ્યા છે. જનતા પરિવાર ગઠબંધનની બેઠકમાં હાજરી આપવા માટે દિલ્હી જવા માટે રવાના થતાં પહેલા લાલુએ આ મુજબની વાત કરી હતી. લાલુએ કહ્યુ હતું કે, માંઝી સહિત દરેક લોકોએ ભાજપ સામે સંગઠિત થઈને આગળ આવવાની જરૂર છે. ભાજપ સામે તમામ પક્ષો હાથ મિલાવે તે જરૂરી છે. આરજેડીના નેતાએ કહ્યું હતું કે, મર્જર અથવા ગઠબંધન ખૂબ જ જરૂરી છે. ભાજપ સામે લડવા તમામ પક્ષો હાથ મિલાવે તે જરૂરી છે. માંઝીએ પણ આગળ આવવું જોઈએ. જોકે, દિલ્હી રવાના થયેલા મુખ્યમંત્રી નીતિશકુમારે આ સંદર્ભમાં કોઈ પ્રતિક્રિયા આપી નહતી. રાજ્યના જેડીયુ પ્રમુખ વશિષ્ઠ નારાણયસિંહે પત્રકારો સાથે વાતચીતમાં કહ્યું હતું કે, ભાજપ સાથે સંબંધ ધરાવનાર માંઝીના પ્રશ્ને વાત કરવાનો કોઈ મતલબ નથી. બિહારના જેડીયુ પ્રવકતા નિરજકુમારે કહ્યું હતું કે, માંઝી જનતા પાર્ટી સંયુક્ત પ્રક્રિયાની યાદીમાં નથી. નિતિશકુમારે મુખ્યમંત્રી પદના હોદ્દા માટે તેમની પસંદગી કરી હતી પરંતુ તેઓ ભાજપના હાથમાં કઠપુતળી બની ગયા હતા. ભૂતપૂર્વ પ્રધાન બ્રિસેન પટેલે હવે માંઝી સાથે નજીકના સંબંધો સ્થાપિત કર્યા છે. આમંત્રણ આપવા બદલ લાલુનો આભાર માનવામાં આવ્યો છે. માંઝીએ હાલમાં જ નવી પાર્ટી બનાવી હતી. હિંદુસ્તાની આવામ પાર્ટીની રચના કરવામાં આવી ચુકી છે. નિતિશકુમારની પાર્ટીમાં સામેલ થવાનો આ લોકોએ ઈન્કાર કર્યો છે. સમતા પાર્ટીના દિવસોથી જ કુમાર સાથે સંબંધ ધરાવનાર પટેલનું કહેવું છે કે, બિહારમાં વિધાનસભાની ચુંટણી નવા સમીકરણો સર્જશે.

## વધુ ફંડ એકત્રિત કરવા સ્પાઈસ જેટની તૈયારી

નવી દિલ્હી,તા. ૨૧

લો-કોસ્ટ કેરિયર સ્પાઈસ જેટ હવે ત્રણ અબજ રૂપિયા ઉભા કરવાની યોજના ધરાવે છે. જેના ભાગરૂપે તે નાણાંકીય વર્ષ ૨૦૧૫ના અંત સુધીમાં ૪૫-૫૦ વિમાનોને વધારવામાં આવી શકેછે. કંપની દ્વારા આજે જારી કરવામાં આવેલ એક યાદીમાં આ મુજબની વાત કરવામાં આવી છે. માર્ચ મહિનામાં ભારતીય અદાલતોએ ઉડ્ડીયન રેગ્યુલેટરને સ્પાઈસ જેટના બોઈંગ વિમાન પૈકી ૧૧ વિમાનોને રદ કરી દેવા ઉડ્ડીયન રેગ્યુલેટરને આદેશ કર્યો હતો. ભાડાપટ્ટા પર વિમાનો સાથે સંબંધિત મામલે વિવાદ થયા બાદ સ્પાઈસજેટ બોઈંગ વિમાનો પૈકીના ૧૧ની નોંધણી રદ કરવાનું કહેવામાં આવ્યું હતું. કંપનીની વેબસાઈટમાં જણાવાયુંછે કે, આ કેરીયર હાલમાં ૧૫ બોમ્બારડીયર અને ૧૯ બોઈંગ વિમાનો તેના કાફલામાં ધરાવે છે.

## ગિલાનીના પાસપોર્ટ મુદ્દે હજુ કોઈપણ નિર્ણય કરાયો નથી

નવી દિલ્હી,તા. ૨૧

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આજે ખુલાસો કરતા કહ્યું હતું કે, કાશ્મીરી અલગતાવાદી નેતા સૈયદ અલી શાહ ગિલાનીના પાસપોર્ટના મુદ્દા ઉપર કોઈ જ નિર્ણય કરવામાં આવ્યો નથી. ગૃહ મંત્રાલયનું કહેવું છે કે આ મામલો તેની સમક્ષ આવશે ત્યારે મેરિટના આધાર પર નિર્ણય કરવામાં આવશે. ગૃહ રાજ્યમંત્રી કિરણ રિજ્જુએ આ મુદ્દે રાજનીતિ રમવાનો કોંગ્રેસ ઉપર આક્ષેપ કર્યો હતો. કિરણ રિજ્જુએ કહ્યું હતું કે, તેઓએ એવી કોઈ વાત કરી નથી કે ગિલાનીનો પાસપોર્ટ મળશે નહીં. પરંતુ કોંગ્રેસ દ્વારા બિનજરૂરી રમત રમવામાં આવી રહી છે જે રાષ્ટ્રીયહિતમાં નથી. કાશ્મીરી અલગતાવાદી નેતાની અરજીની પ્રક્રિયા યોગ્ય રીતે આગળ વધશે. પાસપોર્ટ મેળવવાની બાબત દરેક ભારતીય નાગરિકનો અધિકાર છે આમાં કોઈ બેમત નથી. પ્રધાને એમપણ કહ્યું હતું કે, ગિલાનીના સંદર્ભમાં હજુ સુધી કોઈ નિર્ણય કરાયો નથી. તમામ પાસાઓમાં ચકાસણી કરવામાં આવ્યા બાદ જ આ અંગે નિર્ણય લેવાશે. બિનજરૂરી વિવાદ ઉઠાવવાના પ્રયાસ કરવા જોઈએ નહીં. અત્રે નોંધનીય છે કે, અલગતાવાદી નેતા ગિલાનીને વારંવાર નજરકેદ હેઠળ પકડી લેવામાં આવે છે. જમ્મુ-કાશ્મીરમાં રેલીઓ યોજીને અંધાધુંધી ફેલાવવાના પ્રયાસો કરવાનો ગિલાની ઉપર આક્ષેપ થતો રહ્યો છે. થોડાક દિવસો પહેલાં જ સૈયદ અલી શાહ ગિલાનીને નજરકેદ હેઠળ પકડી લેવામાં આવ્યા હતા. બીજીબાજુ અલગતાવાદીઓ જમ્મુ-કાશ્મીરમાં લોકશાહી પ્રક્રિયાનો વિરોધ કરતા રહ્યા છે. જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ચુંટણીવેળા પણ આ લોકો અંધાધુંધી ફેલાવવાના પ્રયાસો કરતા રહ્યા છે. ચુંટણી પ્રક્રિયામાં ભાગ લેવાના બદલે અલગતાવાદી નેતાઓ બહિષ્કાર કરવાની નીતિમાં માનતા રહ્યા છે. પાકિસ્તાન સાથે સીધી વાતચીત કરવાનો મુદ્દો ઉઠાવતા રહ્યા છે. કાશ્મીર સાથે સંબંધિત બિનજરૂરી મુદ્દા ઉઠાવીને અલગતાવાદીઓ ભારત સરકાર સામે હંમેશા અડચણો ઉભી કરે છે. હાલમાં ગિલાનીના પાસપોર્ટનો મુદ્દો ભારે ચર્ચામાં છે.

## શુન્ય ઉમેર્યા વગર એસટીડી મોબાઈલ નંબર ડાયલ થશે

નવી દિલ્હી,તા. ૨૧

દેશભરમાં હવે એસટીડી મોબાઈલ ફોન નંબર જીરો અથવા પ્લસ ૯૧ ઉમેર્યા વગ્ર ડાયર કરી શકાશે. આ હિલચાલથી સામાન્ય લોકોને આંશિક રાહત મળી શકે છે. આ ઉપરાંત કોલ જીરો અને પ્લસ ૯૧નો ઉપયોગ કરીને પણ કરી શકાશે. આ હિલચાલ દેશભરમાં ફુલ મોબાઈલ નંબર પોર્ટિબીલીટીના અમલીકરણ તરીકે જોવામાં આવે છે. તાજેતરમાં જ ડોટ દ્વારા નેશનલ નંબરીંગ પ્લાન (એનએનપી)માં સુધારા કર્યા છે. આ સુધારા અમલી બની ચુક્યા છે. સુધારાના ભાગરૂપે ટેલીકોમ ઓપરેટરોને એક જ સર્કલ અને સાથે-સાથે ઈન્ટરસર્કલ ઉપર કોઈપણ જીરો અથવા પ્લસ ૯૧ ડાયલ કર્યા વગર મોબાઈલ નંબર ઉપર ડાયલ કરવા તેમના ગ્રાહકોને મંજુરી આપવા સુચના આપી હતી. આ મહિનાની શરૂઆતમાં જ ડોટે વધુ બે મહિના સુધી દેશભરમાં નેશનલ નંબરીંગ પ્લાન અમલી બનાવવા મેહતલ આપી હતી. અગાઉ સમય મર્યાદા જે એમએનપીને અમલી બનાવવા માટે રાખવામાં આવી હતી તે ત્રીજી મેની હતી. ટેલિકોમ ઈન્ડસ્ટ્રી બોડી સીઓએઆઈ દ્વારા રાષ્ટ્રવ્યાપી એમએનપીને અમલી બનાવવા માટે એક્સટેન્શનની માંગ કરી હતી. કારણકે ટેલીકોમ ઓપરેટરો કેટલાક ટેકનીકલ ફેરફાર તેમના નેટવર્ક ઉપર કરવા માંગતા હતા. નેશનલ નંબરીંગ પ્લાનમાં ફેરફારના કારણે નેટવર્કમાં પણ ફેરફાર કરવાની યોજના હતા. આમાં ૮ સપ્તાહનો સમય લાગી શકે છે.